### વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની મુલાકાતની ખબરથી

# ભારત-પાકિસ્તાનની આંતરરાષ્ટ્રીય સીમા નજીકના ગામોમાં પ્રસર્યુ આનંદનું મોજું

### સમગ્ર પંથકમાં નિમંત્રણ પત્રિકાની અનોખી રીતે વહેંચણી અને વધામણા





પાલનપુર, તા.૮

બનાસ ડેરીના વિવિધ પ્રોજેક્ટ્સ-પ્લાન્ટ્સ અને બનાસ ડેરીના સ્થાપક સ્વ.શ્રી ગલાબભાઈ નાનજીભાઈ પટેલની જન્મ શતાબ્દી નિમિત્તે બનાસ ડેરી સુવર્ણ જયંતી વર્ષ અને ગલાબભાઈ નાનજીભાઈ પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સહિતના વિવિધ પ્રકાલ્પોનો શુભારંભ દેશના વડાપ્રધાન માન.શ્રી નરેન્દ્રભાઈ મોદીના વરદહસ્તે તા. ૧૦.૧૨.૨૦૧૬, શનિવાર ના રોજ થનાર છે.



ત્યારે સમગ્ર ગુજરાત અને ખાસ કરીને બનાસકાંઠા જીલ્લામાં સ્વયમ્ભુ ઉત્સાહ જોવા મળી રહેલ છે અને માન.શ્રી નરેન્દ્રભાઈ મોદીને આવકારવા તૈયારીઓ પુર જોશમાં ચાલી રહેલ છે.

જાહેર આમંત્રણને અભૂતપૂર્વ જન પ્રતિસાદ મળી રહેલ છે. નિમંત્રણ પત્રિકાની ખાસ કરીને ભારત – પાકિસ્તાન ની આંતરરાષ્ટ્રીય સીમા નજીકના ગામોમાં વહેંચણી અને માન. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની મુલાકાત

ત્રણ દાયકા જેટલા સમય બાદ કોઈ વડાપ્રધાન આ પંથકની મુલાકાત લેવાના હોય અને વડાપ્રધાન જયારે ગુજરાતના સપુત અને ગુજરાતને સર્વાંગી વિકાસની દિશામાં અગ્રેસર કરી સમગ્ર વિશ્વમાં નામના અપાવી એવા સ્વર્ણિમ ગુજરાતના સ્વપ્નશિલ્પી શ્રી નરેન્દ્રભાઈ મોદી આવવાના હોય ખબરથી આંતરરાષ્ટ્રીય સીમા નજીકના ગામોમાં પણ પ્રસર્યુ આનંદનું મોજું પ્રસરી વળ્યું છે. સમગ્ર પંથક માન. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીને આવકારવા જે રીતે આતુર બનેલ છે તે જોતા ડીસા ખાતેનો જાહેર સમારંભ ઐતિહાસિક બનશે અને માનવ મહેરામણ ઉમટશે તે નિશ્ચિત છે.

### સાંસદની રજુઆતોના પગલે

# સિંચાઈ વિભાગે પ્રાંતિજ તાલુકાના ખેડૂતોને રવિ પાકો માટે નર્મદાનાં નીર ઠાલવ્યા

પ્રાંતિજ તા.૮

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના ખેડુતોને રવીસિઝનના વાવેતરમાં પિયત કરવા માટે સિંચાઈ વિભાગ મારફતે નર્મદાનાં નીર ઠાલવી કેનાલો મારફતે પાણી આપવાની પ્રકિયા હાથ ધરાતાં પ્રાંતિજ તાલુકાના સલાલ, સોનાસણ, મોયદ, રામપુરા, પીલુદરા સહિતનાં અસંખ્ય ખેડૂતો માં આનંદની લાગણી વ્યાપી છે.

સાબરકાંઠાના પ્રાંતિજ તાલુકાનો કેટલોક વિસ્તાર કેનાલોના પાણીથી પિયત- સિંચાઈની વ્યવસ્થાથી સીઝનોમાં ખેતી કરે છે ચોમાસાં દરમ્યાન પાછોતરા ઓછા વરસાદના કારણે કૂવા, તળાવો , કેનાલોમાં પાણીનાં સ્તર સાવ નીચે જતાં રવિ સિઝનના પિયત માટે અને ખેતી માટે ખેડૂતો ચિંતિત હતાં સીઝનમાં રવિપાકોનું વાવેતર બાદ પાણીનો પ્રશ્ન પેચિદો બન્યો હતો.

જેના કારણે પ્રાંતિજ તાલુકાના આગેવાન રાજુભાઈ પટેલ તથા વિપુલભાઈ પટેલ સહિતનાં આગેવાનો અને કિસાનોની ટીમે સાબરકાંઠા- અરવલ્લીના સાંસદ દિપસિંહ રાઠોડને રજુઆત કરતાં તંત્રએ તાબડતોબ દહેગામ પાસેનાં જલુંન્દ્રા ખાતેની નર્મદાની મેઈન કેનાલમાંથી પંપીંગ મારફતે પાણી હાજીપુર, સલાલની કેનાલો દ્વારા પ્રાંતિજ તાલુકાના સલાલ, સોનાસણ, રસુલપુર, મોયદ સહિતનાં અસંખ્ય ગામોને પાણી મળતાં કિસાનોમાં રવી સિઝન માટે પાણીનાં ચાર પાન આપવાનું નકકી થઈ જતાં રવી સીઝન કિસાનો માટે ફાયદા રૂપ રહેશે અને તમામ વિસ્તારો ૧૫૦ હેક્ટર ઉપરાંતની જમીનમાં રવી સિઝનમાં પિયતનો લાભ બનશે.

તા.૭ મીની વહેલી સવારથીજ નર્મદાનાં નીર બુઝવા કેનાલોમાં દેખાતા જ કિસાનો ઘેલમાં આવી ખેતરોમાં દોડયા હતાં.


# ધાનેરાના રહેણાંક વિસ્તારના ખુલ્લા પ્લોટમાં કચરાના ઢગ ઠલવાયા



ધાનેરા, તા.૮

ધાનેરા નગરપાલિકમાં બજારોનો ઘન કચરો રહેણાંક વિસ્તારના ખુલ્લા પ્લોટમાં ઠાલવવામાં આવી રહ્યો છે. જેથી સ્થાનિક પ્રજાજનો ભારે ત્રાહીમામ પોકારી ઉઠયા છે તેમ છતાં સ્થાનિક તંત્ર આ સમગ્ર મામલે આંખ આડા કાન કરી રહ્યું છે.

ધાનેરા નગરપાલિકા વિસ્તારમાં છેલ્લા ઘણા સમયથી ઘન કચરાનો કોઈ યોગ્ય નિકાલ થતો નથી. તમામ કચરો રહેણાંક વિસ્તારના ખુલ્લા પ્લોટમાં ઠાલવવામાં આવી રહ્યો છે. આથી જાહેર સ્થળ પર કચરાનો ઢગ થતા આસપાસના વિસ્તારમાં દુર્ગંધ અને મચ્છરનો વ્યાપ વધી ગયો છે. અને પ્રજા પરેશાન થઈ ઉઠી છે ત્યારે સ્થાનિક નેતાઓ સ્વચ્છતા અભિયાનના નામે માત્ર ફોટો પડાવી ખોટી વાહવાહી લૂંટી રહ્યા છે અને પ્રજા કચરાના ઢગ વચ્ચે રહેવા લાચાર બની છે. આમ હેરાન પરેશાન બનેલી પ્રજા આ મુશ્કેલીથી છુટકારો મેળવવા રાહ જોઈ રહી છે.





### પ્રાંતિજમાં સ્વાઇપ મશીનથી ખાતરની ખરીદી પર ૧૦ ટકા ડીસ્કાઉન્ટ

સરકાર દ્વારા ૫૦૦- ૧૦૦૦ ની ચલણી નોટો ઉપર પ્રતિબંધ મુકવામાં આવતાં દરેક જગ્યાએ હાથ ઉપર કેશ ને લઈને અડચણો ઉભી થઇ છે ત્યારે સરકાર દ્વારા ખેડૂતો ને રવિપાક માટે રોકડા ની ખરીદી ની જગ્યાએ હાલ સ્વાઈપ મશીન ના માધ્યમ થી ખેડૂતોને યુરીયા ખાતર મળી રહે તે માટે ખેડૂત સહાય કેન્દ્રો ઉપર વિવિધ માધ્યમો દ્વારા કેશલેશ ખરીદી કરવા માટે પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ ખાતે આવેલ નર્મદા સહાય કેન્દ્ર ખાતે ખેડૂતો ને રવિપાક ને લઈને ખાતરની જરૂર હોવાથી સહેલાય થી અને રોકડ રકમ વગર ખરીદી થઈ શકે અને વડાપ્રધાન ના બીન રોકડા વ્યવહાર ને પ્રોત્સાહન આપતા આ હવાનને ગુજરાત નર્મદા વેલી ફર્ટિલાઈઝર એન્ડ કેમીકલ્સ લિમેટેક દ્વારા નર્મદા યુરીયા તથા નર્મદા ફોસ ની ખરીદી ઉપર ૧૦ ટકા રીબેટ ની યોજના મુકવામાં આવી છે જેથી ખેડૂતો પણ રોકડા ની ઝંઝટ માંથી દુર રહીને ખાતર ની ખરીદી કાર્ડ સ્વાઈપ મશીન દ્વારા કરતા નજરે પડયા હતાં જયારે કંપની દ્વારા માત્ર કેશ લેશ પ્રધ્ધતિ ઉપર યુરીયા ખરીદી ઉપર ૩૧ રૂપિયા અને ફોસ ની ખરીદી ઉપર ૮૫ રૂપિયા ને થેલી દીઠ ૧૦ ટકા લેશ અપાતા હાલ ખેડૂતો માં પણ અનેરો ઉત્સાહ જોવાં મલી રહ્યો છે.

# નોટબંધીના પગલે અરવલ્લી જિલ્લામાં ગરીબ અને મજૂરીયાત વર્ગની દારૂણ સ્થિતિ

### ગરીબો અને મજૂરોના ધોળા રૂપિયામાં ધાડ પડાવતા દલાલો અને કહેવાતા શાહુકારો

મોડાસા, તા. ૮

અરવલ્લી જિલ્લામાં નોટબંધીના મામલે સમગ્ર જિલ્લામાં પ્રજાજનો અને દુકાનદારો સહિત ગરીબ લોકો અને મજૂરીયાતવર્ગને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. નોટબંધીથી જિલ્લામાં ગરીબો અને મજૂરીયાત વર્ગના લોકોને તેમના પરસેવાની કમાણીના પેટે અચાનક આવી પડતી આફતો અને મુશ્કેલીઓ માટે સંગ્રહેલી રૂ. ૫૦૦ અને રૂ. ૧૦૦૦ની નોટ કોઈ પણ વ્યવહાર માટે નકામી બની જતા જિલ્લાના કેટલાક લેભાગુ તત્વો અને કહેવાતા શાહુકારો દ્વારા મજબુરીનો ફાયદો ઉઠાવી વીસથી ત્રીસ ટકા વટાવ લઈ નોટ બદલી આપતા રીતસરના ધોળા નાણામાં ધાડ પડાવી રહ્યા છે. ગરીબ, મજૂરીયાત વર્ગ અને જરૂરીયાતમંદ લોકોની સ્થિતિ જાયે તો કહા જાયે બની ગઈ છે.





અરવલ્લી જિલ્લાના તમામ વિસ્તારોમાં પ્રજાજનોના મહત્તમ બેંકમાં બચત ખાતા ધારકો હોવા છતા અપૂરતા નાણાના પગલે બેંકમાંથી રૂપિયા કાઢવામાં મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. જિલ્લાના મુખ્ય મથક મોડાસા શહેરના સ્લમ વિસ્તારોમાં ખુલ્લેઆમ રૂ. ૫૦૦ અને રૂ. ૧૦૦૦ની નોટબંધીનો ફાયદો ઉઠાવી રૂ. ૫૦૦ના બદલીમાં ૪૦૦ની ચલણી નોટ અને રૂ. ૧૦૦૦ની બદલીમાં રૂ. ૭૦૦ વટાવ પેટે ૩૦૦ રૂ. કાપી લઈ રીતસર કાલા બજારીયા કરી રહ્યા છે. કેન્દ્ર સરકાર અને આરબીઆઈ દ્વારા કાળા નાણાને નાથવા લેવાયેલી નોટબંધીના પગલે જિલ્લાના ગરીબો અને મજૂરીયાતવર્ગ અને જરૂરીયાતમંદ લોકોના ધોળા નાણા પર રીતસર ધાડ પડાવી રહ્યા છે.

પ્રજાજનો નોટબંધીના ૩૦મા દિવસે પણ લાઈનમાં ઉભો રહેવા છતાં રૂપિયા ના મળતા હોવાની બૂમો ઉઠી રહી છે.

મોડાસાના એક મજૂરવર્ગના વૃદ્ધ પતિ-પત્નિએ નામ ન જણાવાની શરતે જણાવ્યું હતું કે તેમની કાળીમજૂરીના રૂપિયા સંકટ સમયે કામ લાગે તે માટે બચાવીને અડધા ઘરમાં અને અડધા બેંકમાં રાખ્યા હતા. એકાએક નોટબંધીના પગલે હાલત કફોડી બની ગઈ છે. રૂપિયા લેવા બેંકમાં ગયા તો બે કલાક પછી નંબર આવ્યો અને ટોકન આપ્યો અને બે કલાક પછી રૂપિયા ૨૦૦૦ મળ્યા. મારી પત્નિ બિમાર હોવાથી વધારે રૂપિયાની જરૂર હોવાથી રૂ. ૫૦૦ની ૩૦૦૦ની બદલીમાં એક દલાલ પાસેથી ન છુટકે ૨૪૦૦ રૂ.ની ૧૦૦ રૂ.ની નોટ લાવ્યો. સાહેબ અમારે તો ઘર ચલાવવાના પણ રીતસરના ફાફા પડી રહ્યા છે. કેન્દ્ર સરકારની નોટબંધીનો ઉગ્ર વિરોધ કરતા જણાવ્યુ હતુ કે કાળા નાણા તો કેવા હોય એ અમે નથી જોયા પણ અમારા જેવા ગરીબ લોકોના પરસેવાની કમાણીના ધોળા નાણામાંથી ધાટ પડાવતા દલાલો જોયા છે. કાળા નાણા વાળાઓ તો જલ્સાથી ઉંઘી રહ્યા છે. કાલે બેંકમાં રૂપિયા લેવા ગયો તો બધા મારા જેવા ગરીબો જ લાઈનમાં ઉભેલા જોવા મળ્યા હતા.



### મોડાસાની કોલેજના વિદ્યાર્થીઓને કેશલેસની માહિતી અપાઈ


અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરની કોલેજના વિદ્યાર્થીઓને કેશલેસ પધ્ધતિ વિષે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. મોડાસા સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા યોજાયેલ કેશલેસ સેમિનારમાં ૫૦૦ જેટલા વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ વિદ્યાર્થીઓ દ્વારા મોડાસા શહેર અને ગ્રામ્ય વિસ્તારોમાં ડોર ટુ ડોર પ્રચાર કરી કેશલેસ પધ્ધતિ વિષે લોકોને માહિતગાર કરી શીખડાવવાનો પ્રયત્ન હાથ ધરાશે. બેન્કીંગ સમસ્યા હળવી કરવા અને કેન્દ્ર સરકારના કાળા નાણા નાથવાના અભિયાન કેશલેસ ઈકોનોમી તરફ લોકોને આકર્ષવા કોલેજના વિદ્યાર્થીઓ અભિયાન ચલાવશે.

# મોડાસાના બસ સ્ટેન્ડના સીસીટીવી કેમેરા બંધ

### લાખ્ખોનો ખર્ચ પાણીમાં : મોડાસા બસ સ્ટેન્ડમાં બસમાં ચઢવા જતી મહિલાનો દોઢ તોલાના સોનાનો દોરો ખેંચાયો : મોડાસા ટાઉન પોલીસ ફરિયાદ અંગે થોભો અને રાહ જોવો નીતી અપનાવી : ૧૦૦ મીટરે લીયો પોલીસ ચોકી

મોડાસા, તા. ૮

અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસા શહેરના એસ.ટી. ડેપોમાં લાખ્ખો રૂપિયાના ખર્ચે મુસાફરોની સલામતી માટે સીસીટીવી કેમેરા લગાડવામાં આવ્યા હતા. પરંતુ સીસીટીવી કેમેરા શોભાના ગાંઠિયા રૂપે સાબિત થતા બસમાં ચઢવા જતી મહિલાના ગળામાંથી દોઢ તોલા સોનાનો દોરો ખેંચાતા મહિલા અને તેના સંબંધીઓ સીસીટીવી કેમેરા હોવાથી દોરો પાછો મળી જવાની આશાએ સીસીટીવી કેમેરા જોવા જતા સીસીટીવી કેમેરા બંધ હાલતમાં જણાતા લોકોમાં રોષની લાગણી ફેલાઈ હતી. ફક્ત ૧૦૦ કિમી લીઓ પોલીસ ચોકી દૂર હોવા છતાં બસસ્ટેન્ડમાં પાકીટમારી, નાની મોટી તસ્કરીની ઘટનાઓ અને છાશવારે ચેઈનસ્નેચીંગની ઘટનાઓ બની રહેતા પોલીસની નિષ્ક્રિય કામગીરી સામે અનેક પ્રશ્નાર્થો પેદા થયા છે. મોડાસા ટાઉન પોલીસે ફરિયાદ કરવા ગયેલી મહિલા અને તેના પરિવારજનોને થોભો અને રાહ જોવાની નીતિ અપનાવી ફક્ત અરજી લીધી હતી.



વલસાડના સવિતાબેન ચિમનભાઈ રાવળ તેમના પરિવાર સાથે મોડાસા તાલુકાના ભેરૂન્ડા ગામે લગ્ન પ્રસંગે આવ્યા હતા. લગ્નમાં હાજરી આપીને આ દંપતિ ગોધરા તેમના સંબંધીને મળવા જવા બસમાં બેસવા માટે મોડાસા બસ સ્ટેન્ડમાં આવ્યા હતા અને છોટાઉદેપુર જતી બસમાં બેસવા જતા હતા ત્યારે ચેઈનસ્નેચરે પાછળથી આવી ભીડનો લાભ ઉઠાવી મહિલાના ગળામાં પહેરેલો દોઢ તોલા સોનાનો દોરો ખેંચી ફરાર થઈ જતા મહિલા સીટમાં બેસવા જતા મહિલાનું ધ્યાન જતા ગળામાંથી દોરોની ચીલઝડપ થયાનુ જણાતા મહિલા અને તેમના પતિ બન્ને ડઘાઈ ગયા હતા અને બસમાંથી ઉતરી ગયા હતા. આ ઘટના અંગે તેમના જમાઈ અને મોડાસામાં રહેતા જસવંતભાઈ યોગીને જાણ કરતા તાબડતોડ મોડાસા બસસ્ટેન્ડમાં દોડી આવ્યા હતા અને બસ સ્ટેન્ડમાં લગાવેલા સીસીટીવી કેમેરાના લીધે ચેઈન સ્નેચર પકડાઈ જશે તેવી આશાએ સીસીટીવી કેમેરા લગાવેલ રૂમમાં સીસીટીવી ફૂટેજ જોવાની માંગ કરતા સીસીટીવી કેમેરા બંધ હોવાનું જણાતા ચોંકી ઉઠ્યા હતા. આ અંગે મહિલા અને તેમના પરિવારજનો ચોરીની ઘટના અંગે મોડાસા ટાઉન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરવા પહોંચતા પોલીસ અધિકારીએ થોભો અને રાહ જોવાનુ જણાવી ફક્ત જાણવા જોગ ફરિયાદ (અરજી) લઈ મહિલા અને તેમના પરિવારજનોને સમજાવી પરત મોકલી દીધા હતા.

# બનાસડેરી ખેડૂતોની ખેત પેદાશમાં વેલ્યુએડીશન જોડવાનું કામ કરશે

પાલનપુર, તા. ૮

બનાસડેરીના આદ્યસ્થાપક ગલબાભાઈ નાનજીભાઈ પટેલની જન્મ શતાબ્દી વર્ષ નિમિત્તે બનાસડેરી ચીઝ પ્લાન્ટ, વ્હે પ્લાન્ટ, અમુલ એ-૨ મિલ્ક, બનાસ મધ, કાંકરેજ ગૌવંશ સુધારણા પ્રોજેક્ટ અંતર્ગત કાંકરેજી ગાયની ઓલાદ સુધારણા માટે પ્રથમ તબક્કે રૂપિયા ૧૦ લાખ ગૌસંવર્ધન કરવામાં આવશે જે અંગેની ટૂંક સમયમાં મહત્વાકાંક્ષી જાહેરાત થશે. બનાસડેરીના વિવિધ પ્લાન્ટ ઉદ્ઘાટન માટે દેશના પ્રધાનમંત્રી ઉત્તર ગુજરાતનું સંતાન અને બનાસકાંઠાના ગૌરવ સમા નરેન્દ્રભાઈ મોદી આગામી ૧૦ ડિસેમ્બરે બનાસકાંઠાના આંગણે ડીસા મુકામે પધારી રહ્યા છે તેવી માહિતી પત્રકારોને આપતાં બનાસડેરીના ચેરમેન અને રાજ્ય સરકારના આરોગ્ય મંત્રી શંકરભાઈ ચૌધરીએ વધુમાં જણાવેલ કે એશિયાની પ્રથમ નંબરની ડેરી જ્યારે વિશ્વના તખ્તા પર જઈ રહી છે અને સમગ્ર વિશ્વને મેમરી મિલ્ક તરીકે દેશી કાંકરેજ ગાયનું દૂધ અમુલ બ્રાન્ડના નામે અમુલ એ-૨ મિલ્ક આપવાની બનાસ ડેરીએ તૈયારી કરી છે. અમુલ એ-૨ મિલ્ક એ દુનિયામાં મોટી ક્રાંતિ સર્જશે તેમ જણાવ્યું હતું.

બનાસકાંઠા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ એટલે બનાસડેરી દ્વારા 'બનાસ મધ'નો પ્રોજેક્ટનું લોન્ચીંગ આદરણીય પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના વરદ હસ્તે થશે. દૂધ દ્વારા જેમ ખેડૂતો રોકડી આવક મેળવે છે તેમ મધ દ્વારા પણ ખેડૂતોને આવનારા દિવસોમાં ખૂબ મોટો આર્થિક લાભ થશે. રૂપિયા ૩૫૦ કરોડના માતબર લક્ષ્યાંક સાથે ચીઝ પ્લાન્ટ અને વ્હે પાવર પ્લાન્ટને રીમોટ કંટ્રોલથી પ્રધાનમંત્રી ખુલ્લો મુકશે તેવું ચેરમેને જણાવેલ છે.

આજે બનાસડેરી ખાતે પત્રકાર સ્નેહમિલનમાં ચૌધરીએ જણાવેલ કે બનાસડેરીના માધ્યમથી ખેડૂતોના અગત્યના પાક જેવા કે મગફળી, બટાકા અને દાડમમાં વેલ્યુએડીશન જોડી ખેડૂતોને તેમની મહેનતનો બમણો લાભ મળે તે દિશામાં યોગ્ય પ્રયત્નો શરૂ થઈ ગયા છે અને તેના પરિણામો પણ આવી રહ્યા છે.

